# શીલ શ્રુતમ્

## સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ: ૨૨ અંક: ૯ ઓગસ્ટ-ડિસેમ્બર ૨૦૧૨ શ્રાવણ ૨૦૬૭-માગશર ૨૦૬૮ સળંગ અંક: ૨૩૮

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય

## સંપાદકીય

### ભાઈકાકાની સવાસોમી જન્મ જયંતીના આરંભટાણે ખાસ :

### પરપોટાનો ચમત્કાર

આમ તો આપણું હોવું એ પરપોટાથી વિશેષ કાંઈ નથી. કેટલાક પરપોટાઓ તરત ફૂટી જતા હોય છે. કોઈક પરપોટો થોડો વધારે સમય ટકી રહેતો હોય છે. ક્યારેક આ પરપોટામાંથી સૂરજનું કિરણ પસાર થાય તો આપણને પળેક સતરંગી લીલી નજરે પડી પણ જાય.. પરપોટાઓ સતત થતા રહે છે... સતત ફૂટતા રહે છે... કેટલાક પરપોટાઓ આપણા ધ્યાનમાં આવે છે. કેટલાકની તો આપણને ખબર પણ નથી પડતી. પરંતુ જે પરપોટામાં અનર્ગલ સૌન્દર્યની ઝાંખી થાય છે એ યાદ રહી જાય છે. એ દ્વારા પ્રગટેલું સૌન્દર્ય આપણને પ્રેરે છે, એ દ્વારા આપણું પણ ઉત્તમ પ્રગટવા માંડે છે. એમાં વર્તાય છે શાશ્વતીનો સંસ્પર્શ. બાકી તો બધું જ બદલાતું રહે છે... સતત બદલાતું રહે છે... આપણને ખબર પડે કે ના પડે, આપણે સ્વીકારીએ કે ના સ્વીકારીએ... બદલાતું જ રહે છે. આમ છતાં, કંઈક એવું પણ છે જેત ક્યારેય નથી બદલાતુંત, ધ્રુવ તારાની જેમ એવું ને એવું જ રહે છે... એની ઝાંખી આપણને થતી રહે છે.

ભલે આપણું હોવું પરપોટા જેવું રહ્યું, અનંત કાળ સાગરમાં તો એક બુદ બુદ થી વિશેષ આપણે શું હોઈ શકીએ ? આમ છતાં એક પરપોટો અમર બની જતો હોય છે. એના દ્વારા સર્જન પણ ઉત્તમ થતું હોય છે... પરપોટા પણ ચમત્કાર સર્જતા હોય છે.

જે સ્થળે આણંદ, કરમસદ, બાકરોલ અને મોગરીની સીમ મળતી હતી, જ્યાં બોરડીઓ, હિંગોળા જ ઉગતા હતા, કુશ અને દર્ભની જડો જ્યાં બાઝેલી હતીય, ભર બપોરે જે સ્થળ ભેંકાર, ભયાવહ ભાસતું, જ્યાં નામચીન બહારવટીયાઓ ઠંડે કલેજે મહિનાઓ સુધી સંતાઈ રહેતા, જ્યાં ચોર લૂટારા ચોરીનો ભાગ પાડવા બેસતા એ ભૂમિમાં આજથી ૬૭ વર્ષ પહેલા ચમત્કાર થયો. એક રાષ્ટ્રનેતા સરદાર પટેલનું સૂચન આ ભૂમિના એક સંતાનને અસર કરી ગયું. ને ઢળતી ઉંમરે આ ભૂમિને એણે સૌની સહકારમાં એક વિદ્યાધામમાં પલટી કાઢી. કેટલાકે આ યજ્ઞકાર્યમાં હાડકાંઓ પણ નાખ્યા પરંતુ લોકભાગીદારીના ચમત્કારે અહીં વલ્લભ વિદ્યાપીઠ સર્જાઈ... લાખો પુસ્તકો સમાવતું ૧૦૦ કોલેજો અને ૨૬ અનુસ્નાતક વિભાગો ધરાવતી સરદાર પટેલ યુનિવર્સિટી, ભાઈકાકા ગ્રંથાલય-નોલેજ રીસોર્સ સેન્ટર, અને કોમ્યુનિટી રેડિયો સ્ટેશન ૯૦.૪ એફ.એમ... આ બધું માન્યામાં આવે ?

આ ચમત્કાર જેના થકી થયો એ આ ભૂમિના સંતાન ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલનું આ સવાસોમી જન્મજયંતીનું વર્ષ છે... આ ભૂમિને એમના સંકલ્પે, ભગીરથપ્રયાસે અને અભૂતપૂર્વ લોકસહકારે ગુજરાતના એક અગ્રણી વિદ્યાધામમાં પલટી કાઢી એ વીર પુરુષ, ધીર પુરુષ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ પળ છે.

આજ થી સવા સો વર્ષ પહેલા ચારુતર પ્રદેશના સોજીત્રા ગામમાં એક સામાન્ય પરિવારમાં તેઓ જન્મ્યા. કારમી ગરીબાઈ વચ્ચે ભણ્યા. માત્ર ભણ્યા જ નહીં પરંતુ આજીવન નિષ્કામ કર્મયોગી બની રહ્યા. જીવનના પૂર્વાર્ધમાં એમણે ઈજનેરી વિદ્યા આત્મસાત કરી. સિંધમાં સક્કર બરેજની યોજનામાં એમણે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું. સાથે સાથે મૂલગામી ચિંતન કર્યું. ભર્તુહરિ ગોવર્ધનરામને આત્મસાત કર્યા, ગોવર્ધનરામના કલ્યાણગ્રામના આદર્શને વ્યવહારની ભૂમિકાએ સાકાર કરવાનું કાર્ય એમણે જીવનના ઉત્તરાર્ધમાં કર્યું. જ્યારે 'સાઠે બુદ્ધિ નાઠી' કહેવાય ત્યારે એમણે એક વિદ્યાભૂમિના સર્જનનો ચમત્કાર સજર્યો. આટલે થી જ અટકે તો ભાઈકાકા શાના ? ભારોભાર પ્રજાકીય નિસ્બતને લઈને એમણે રાજકારણમાં ઝૂકાવ્યું. ને સબળ, વિધેયાત્મક વિરોધપક્ષનો એમણે વિકલ્પ પૂરો પાડ્યો.

ભાઈકાકા આ ભૂમિનું સંતાન હતા. આ ભૂમિની વ્યથાનો એમને જાત અનુભવ હતો. એમણે મનોમન પ્રાર્થ્યું : હે ઈશ્વર, મને ખૂબ પૈસા આપજે, ખૂબ બુદ્ધિ આપજે, ખૂબ બળ આપજે અને એ બધુ મારા પોતાના સ્વાર્થ માટે નહીં આપતાં, સમાજ માટે વાપરવાની શક્તિ આપજે. એમના આ તીવ્ર અભીપ્સામાંથી જ સર્જાયું વલ્લભ વિદ્યાનગર, વિઠ્ઠલ ઉદ્યોગનગર, ચરોતર ગ્રામોદ્ધાર મંડળ. તેઓ માત્ર સ્વપ્ન દ્રષ્ટા નહોતા. સ્વપ્નસિદ્ધકર્તા પણ હતા. આપણે કહેવું પડે કે Even one man's perfection still can sure the world.

વિદ્યા જગત માટે એમની દૃષ્ટિ કેવી પરગામી હતી એની પ્રતીતિ એમના આ ઉદ્‌ગારો પરથી થાય છે : ‘‘પ્રજાનું ઘડતર કરવું હશે તો તેની શરૂઆત દેશની વિદ્યાપીઠોમાંથી જ કરવી પડશે. અને એ માટે વિદ્યાપીઠોના અધ્યાપકો એ પહેલ કરવી પડશે, અને કમ્મર કસવી પડશે. દેશના નવઘડતરની જવાબદારી આજે જો કોઈના પર વધારે હોય તો તે શિક્ષકો અને અધ્યાપકો માથે છે. દેશના વિચારક વર્ગે આટલા માટે શિક્ષક અને અધ્યાપકોને માટે આ મોઘવારીના કાળમાં આર્થિક ઉપાધી ન રહે એવી વ્યવસ્થા કરવી પડશે, અને શિક્ષકો અને અધ્યાપકો એ પણ હવે વાણિયા થયે નહીં ચાલે. જેને વાણિયા થવું હોય તેણે વેપાર ઉદ્યોગમાં ચાલ્યા જવું જોઈએ, જ્યાં એના નશીબ પ્રમાણે ઓછું વત્તુ મેળવી શકશે, પણ શિક્ષકના ધંધામાં પડનારે સંતોષને અપનાવવો પડશે અને બ્રાહ્મણ થવું પડશે. બ્રાહ્મણ સિવાય શિક્ષણ ક્ષેત્રે બીજા કોઈનું સ્થાન નથી. એણે એના બધા વખતનો ઉપયોગ વિદ્યાપ્રાપ્ત કરવામાં અને વિદ્યા આપવામાં કરવો પડશે. એણે પ્રસાદ ત્યાગવો પડશે.

વલ્લભ વિદ્યાનગર ભાઈકાકા, ભીખાભાઈ જેવા ખમીરવંતા પુરુષોના અનન્ય પ્રયોસોનું સુફળ છે. એમના સ્વપ્નાને, એમના આદર્શોને સમ્યક્ તનોતિ સન્તાન... એ ન્યાયે આગળ ધપાવવા એ આપણા સૌનું કર્તવ્ય છે. એમનો સવાસોમી જન્મ જયંતીની ઉજવણીના આરંભટાણે આપણે એમને સ્મૃતિવંદન કરીએ . ત્વં નમામિ નિભર્યં ઉર્દ્વમાનુષ...

-ડૉ. પરમ પાઠક

## Teaching - Learning

● તા. ૨૧,૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (સીટીઈ) ખાતે જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અનુદાનિત ત્રિદિવસીય ગણિત શિક્ષણ અંગેનો સેમિનાર યોજાઈ ગયો. પંચમહાલ જીલ્લાના ગણિત વિષયના શિક્ષકો માટેના આ સેમિનારનું સંચાલન કોઓર્ડિનેટર તરીકે ડૉ. ભરતકુમાર એન. પંડ્યાએ કર્યું. કોર્સ ડાયરેક્ટર પ્રિ (ડૉ.) એન.આર. પટેલના માર્ગદર્શન હેઠળ ગણિત શિક્ષણને સરળ અને રસમય બનાવવા માટેના આ સેમિનારમાં તજ્જ્ઞો તરીકે ડૉ. એમ.એચ. વસાવડા, ડૉ. જે.બી. પટેલ, ડૉ. નીપા ભરૂચા, ડૉ. બી.એન. પંડ્યા, ડૉ. મનોજ જવાણી, પ્રિ. બાબુભાઈ પટેલ, શ્રી વિરલભાઈ મિસ્ત્રી, પ્રિ. સુરેશભાઈ પટેલ અને ડૉ. એ.એચ. હસમાની જેવા તજજ્ઞ અધ્યાપકોએ અલગ અલગ રીતો, સમજો અને ગણિતને વધારે રસમય બનાવવાની તરકીબો પ્રસ્તુત કરી. પ્રિ. (ડૉ.) એન.આર. પટેલે ગણિતિક મૂલ્યોને જીવનમાં આવરી લઈ સમાજની પ્રગતિમાં સહભાગી બનવા અનુરોધ કર્યો.

● એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (સીટીઈ) ખાતે જી.સી.ઈ.આર.ટી. અનુદાનિત તા. ૨૮, ૨૯, ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ત્રિદિવસીય સરળ-રસિક ગણિત શિક્ષણ સેમિનાર ખેડા જીલ્લાના ગણિત-વિજ્ઞાન શીખવતા માધ્યમિક શિક્ષકો માટે યોજાઈ ગયો. પ્રાચાર્ય ડૉ. એન.આર. પટેલે કોર્સ ડાયરેક્ટર તરીકે સેમિનારના હેતુ અને વર્તમાન ગણિત શિક્ષણ પદ્ધતિઓને સરળ અને રસભોગ્ય બનાવવાની વિગતો આપી. કોર્સ કોઓર્ડિનેટર ડૉ. જે.બી. પટેલે સહુના આવકારની સાથે ગણિત શિક્ષણના નવ આયામો પ્રત્યે સભાનતા અંગે ધ્યાન દોર્યું. ડૉ. બી.એન. પંડ્યાએ ગણિત અને જીવન મૂલ્યોના સમન્વય દ્વારા વિવિધ વિષયોના અનુબંધથી ગણિતને રસમય બનાવવાની બાબતો દર્શાવી. જેમાં ભૂમિતિય જો..અને તો..નો સામાજિક સંબંધોમાં થતો ઉપયોગ રસમય થયો. આચાર્યશ્રી બચુભાઈ રાવલે ધો.૧૦ના યુક્લિડીયન ભાગફળ તથા તેમાં સમજાવતાં પડતી મુશ્કેલીઓનું સારી રીતે નિવારણ કરી દર્શાવ્યું, તેમ જ સમરૂપતાની શરતોના ઉપયોગની રીતો દર્શાવી. ડૉ. મનોજભાઈ જવાણીએ રમતાં રમતાં હસતાં ગણિતની આંટીઘૂંટીઓની સરળતા મોડલની મદદથી પ્રસ્તુત કરી. ડૉ. જે.બી. પટેલે વૈદિક ગણિતનો પરિચય આપ્યો. ડૉ. એમ.એચ. વસાવડાએ એ.આર.રાવ ભૂમિતિ સ્પર્ધાની વિગતો ઉપરાંત તેઓશ્રીના ગણિત-ભૂમિતિમાં પ્રદાન અંગે વિસ્તારથી માહિતી ઉપલબ્ધ કરાવી, તો ડૉ. નીપાબેન ભરૂચાએ ટેક્નોલોજીયુક્ત ગણિત શિક્ષણ અંગેના પોતાના વિચારો પ્રદર્શિત કર્યા. શ્રી કાંતિભાઈ સુથારે સેમિનારમાં સહભાગી શિક્ષકો માટે સરળતાથી અને રસમયતાથી વિવિધ એકમો વર્ગમાં આનંદથી રજૂ કરવાની અનુભવજન્ય ટેકનીકોની વિગતો દર્શાવી. તો વિરલભાઈ મિસ્ત્રીએ વિદ્યાર્થીદ્વારા વર્કશોપમાં કે ગણિત પ્રયોગશાળામાં વિવિધ મોડલો સમજપૂર્વક બનાવી શકે તેમ રજૂ કર્યું. ડૉ. એન.એમ. રોઘેલિયાએ દિવાસળી-પેન્સિલની મદદથી ગણિત ગમ્મત સાથે જ્ઞાનની બાબતો જણાવી તો ડૉ. ડી.જે. કારીઆએ ગણિતના અધ્યાપનમાં વિકાસમાન પરિસ્થિતિ રચવા અંગે માર્ગદર્શન આપ્યું.

● એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (સીટીઈ) ખાતે જી.સી.ઈ.આર.ટી. અનુદાનિત તા. ૧૮, ૧૯, ૨૦ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ ત્રિ-દિવસીય સરળ-રસિક ગણિત શિક્ષણ સેમિનાર આણંદ જીલ્લાના ગણિત-વિજ્ઞાન શીખવતા માધ્યમિક શિક્ષકો માટે યોજાઈ ગયો. પ્રાચાર્ય ડૉ. એન.આર. પટેલે કોર્સ ડાયરેક્ટર તરીકે સેમિનારના હેતુ અને વર્તમાન ગણિત શિક્ષણ પદ્ધતિઓને સરળ અને રસ ભોગ્ય બનાવવાની વિગતો આપી. કોર્સ કોઓર્ડિનેટર ડૉ. જે.બી. પટેલે સહુના આવકારની સાથે ગણિત શિક્ષણના નવ આયામો પ્રત્યે સભાનતા અંગે ધ્યાન દોર્યું. પ્રિ. (ડૉ.) એન.આર. પટેલે મધ્યવર્તીસ્થિતિના માપો જેવા કે મધ્યક, મધ્યસ્થ, બહુલકની વિસ્તૃત સમજ આપી હતી. પ્રો. (ડૉ.) એમ.એચ. વસાવડાએ યુકલિડના સંસ્કરણોમાં આપેલી શરતોનું શું મહત્વ છે તેની સમજ ઉદાહરણો દ્વારા આપી હતી. શ્રી કાંતિભાઈ સુથારે નિત્યમસ, સંમેય, અસંમેય સંખ્યાઓ તથા યુકિલડની ભાગવિધિ વિશે વિવિધ ઉદાહરણો દ્વારા રસિક સમજ આપી સર્વ શિક્ષકોને સમૃદ્ધ કર્યા હતા. ડૉ. એ.એચ. હસમાનીએ શૂન્યનો ઉદ્‌ભવ અને તેનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું હતું. ડૉ. જે. બી. પટેલે વૈદિક ગણિતનો પરિચય આપ્યો. ડૉ. મનોજભાઈ જવાણીએ રમતાં રમતાં હસતાં ગણિતની આંટીઘૂંટીઓની સરળતા મોડલની મદદથી પ્રસ્તુત કરી. અમદાવાદના નિવૃત્ત આચાર્યશ્રી બાબુભાઈ પટેલે સંખ્યા રેખા પર અસંમેય સંખ્યાનું નિરૂપણ, રોમન અંકો, તેમના સરવાળા બાદબાકીના નિયમો સમજાવ્યા. શ્રી સુરેશભાઈ પટેલે ગણિત વિષયમાં અવરોધરૂપ બાબતો અને તેને નિવારવા શિક્ષકના ઉપાયોની ચર્ચા કરી હતી. ડૉ. બી.એન. પંડ્યાએ ગણિત અને જીવનમૂલ્યોના સમન્વય દ્વારા વિવિધ વિષયોના અનુબંધથી ગણિતના રસમય બનાવવાની બાબતો દર્શાવી. ડૉ. ડી.જે. કારીયાએ યુક્લિડીયન અને નોનન્યુક્લિડીયન જોમેટ્રીની ખૂબ રસપ્રદ માહિતી આપી હતી. ડૉ. નીપા બેન ભરૂચાએ ટેક્નોલોજી યુક્ત ગણિત શિક્ષણ અંગેના પોતાના વિચારો પ્રદર્શિત કર્યા.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં ચાલુ વર્ષ દરમ્યાન ઘણાં નવતર અભિગમ લેવામાં આવ્યા છે. જેનાથી વિદ્યાર્થીઓની ધંધાકીય સુઝનો વિકાસ થાય. કોલેજ દ્વારા ૨૫ કલાકનો સર્ટિફિકેટ કોર્સ ‘ફિલ્મ મેકીંગ ફોર બીઝનેસ ડેવલોપમેન્ટ’નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કોર્ષમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ‘માઈકા’ના મિ. પ્રવીણ મિશ્રા દ્વારા કરવામાં

આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને ધંધાના વિકાસમાં ચલચિત્રોનું શું મહત્વ છે ? અને કેટલું ઉપયોગી થાય છે ? તેની વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને ફિલ્મ મેકીંગ તરફનો દૃષ્ટિકોણ, ફિલ્મવાર્તા કહેવાની કળા, સ્ક્રીપ્ટ લખવી, કેમેરા અને ફિલ્મ બતાડવા માટે ઉપયોગી સાધનો, ફિલ્મ સ્ક્રીનીંગ બજેટીંગ, પ્રપોઝલ રાઈટીંગ, પ્રેઝન્ટેશન ઓફ સ્ક્રીપ્ટ વિગેરે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી અને ફિલ્મ મેકીંગ ધંધાના વિકાસ માટે કેટલી ઉપયોગી છે તે જણાવ્યું હતુ.

● **ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ**માં ચાલુ વર્ષ દરમ્યાન ઘણાં નવતર અભિગમ લેવામાં આવ્યા છે. જેનાથી વિદ્યાર્થીઓની ધંધાકીય સુઝનો વિકાસ થાય. કોલેજ દ્વારા ૨૫ કલાકનો સર્ટિફિકેટ કોર્સ ''ક્રિએટીવ બિલ્ડીંગ, લેટરલ થીંકીંગ એન્ડ આઈડીયા જનરેશન'' ''બ્રાન્ડીંગ ફોર સ્ટાર્ટઅપ બીઝનેસ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓપન સર્કલ કોમ્યુનિકેશનના ડાયરેક્ટર શ્રી પ્રિયેશ બાલાક્રિષ્નન દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા કઈ રીતે કેળવી શકાય અને તે કઈ રીતે ધંધાકીય વિકાસમાં ઉપયોગી બની શકે, તેનું પદ્ધતિસર નિદર્શન કર્યું હતું.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજખાતે ક્વોન્ટ્રેટિક ફાઈનાન્સીયલ સર્વિસીસ પ્રા. લી. અને બોમ્બે સ્ટોક એક્સચેન્જના સહયોગથી 'મુડી બજાર' અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્ય શાળાના મુખ્ય વક્તા ક્વોન્ટ્રેટિક ફાઈનાન્સીયલ સર્વિસીસ પ્રા. લી.ના એમ.ડી. અને સી.ઈ.ઓ મિ. કે.બી. રામાસ્વામી અને બોમ્બે સ્ટોક એક્સચેન્જના આસી. જનરલ મેનેજર શ્રી એન. બી. પંડ્યા હતા.

● ઈન્ટરનેશનલ જર્નલ ઓફ ફાર્મસી તથા ફાર્મા કેર સોસાયટી, સુરતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બાયોટેક્નોલોજી એપ્ટીટ્યૂડ ટેસ્ટ (BAT)માં એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એપ્લાઈડ સાયન્સીસમાં ટી.વાય.બી.એસસી. બાયોટેક્નોલોજીમાં અભ્યાસ કરતી કુ. દીશા ભંડેરીએ ૯૯.૯૯ ટકા સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે BAT એ રાષ્ટ્રીય કક્ષાએ લેવાતી ઓન-લાઈન એપ્ટીટ્યુડ ટેસ્ટ છે. આ વર્ષે ૪૯૦ જેટલા વિદ્યાર્થીઓએ સમગ્ર ભારતમાંથી આ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ એમ બે ગ્રેડમાં (ગ્રેડ-૧, ગ્રેડ-૨) લેવામાં આવે છે.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં એમ.કોમનાં વિદ્યાર્થીઓ માટે ઉદિશા પ્લેસમેન્ટ સેલ હેઠળ SKT ટેક્નોલોજીઝનાં સહયોગથી કોર્પોરેટ ટ્રેઈનીંગ પ્રોગ્રામ વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓની કારકીર્દીઅંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ** એફ.એચ. શાહ કોમર્સ કોલેજસંલગ્ન બીસીએ, બીબીએ-આઈટીએમ એન્ડ પીજીડીસીએ ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં 'ઈન્ફરમેશન સિક્યોરીટી' વિષય પર કોલેજના વિદ્યાર્થીઓ માટે પરિસંવાદ યોજાયો હતો.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી.એન. ઈન્સ્ટીટ્યુટ ઓફ પી.જી. સ્ટડીઝ ઈન કોમર્સ (એમ.કોમ. પ્રોગ્રામ) માં યુજીસી જીસેટ/નેટ અંગે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. ઓરિએન્ટેશનમાં કુલ ત્રણ બેઠકો યોજાઈ. જેમાં પ્રથમ બેઠકમાં ડૉ. ઉજ્જ્વલભાઈ ત્રિવેદી, દ્વિતીય બેઠકમાં જયેશ જી. પૂજારા તેમજ તૃતીય બેઠકમાં ડૉ. રાજુ એમ. રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી માર્ગદર્શન પૂરું પાડેલ.

● ૨૦૧૧-૧૨ના વર્ષ માટેનું રૂા. ૨૦૦૦/-નું ''ડૉ. એન.એ. થુથી પારિતોષિક'' (Code No : 30660) આ યુનિવર્સિટીની એપ્રિલ-૨૦૧૨માં લેવાયેલી એમ.એ.ની પરીક્ષામાં સોશ્યોલોજી વિષયના બાહ્ય પરીક્ષણમાં સર્વાધિક ગુણ (૧૬૬૪/૧૬૮૦) મેળવનાર અનુસ્નાતક સોસ્યોલોજી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થી દક્ષેશકુમાર ભાનુભાઈ પટેલને એનાયત કરવામાં આવે છે.

આ પારિતોષિક યુનિવર્સિટીના તારીખ : ૨૪-૧-૨૦૧૩ના રોજમાં યોજાનાર વાર્ષિક પદવીદાન સમારંભ સમયે ઉક્ત વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

## Research

● **યુનિવર્સિટી દ્વારા સંશોધન પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુસર** બેઝીક સાયન્સીસ વિભાગોના ૪ અધ્યાપકોની તથા માનવવિદ્યા અને સામાજિક વિજ્ઞાન વિભાગોના ૧૬ અધ્યાપકોની તેઓએ રજૂ કરેલ સંશોધન યોજનાઓની દરખાસ્તો મંજૂર કરી અનુક્રમે રૂા. ૫ લાખ તથા રૂા. ૧૧,૫૦,૦૦૦/-નું અનુદાન સીડ મની પેટે મંજૂર કરવામાં આવ્યું.

● **Dr Haresh V. Dedania**, Associate Professor, Department of Mathematics, Sardar Patel University, visited Edinburgh University and Lancaster University in UK. As one of the ten representatives of the Department of Science and Technology (DST), the DST invited him to participate in the scoping meeting between Engineering and Physical Sciences Research Council (EPSRC) and DST at Edinburgh University,

Edinburgh, UK. Then, for one week, he was also invited by his former Ph.D. guide Prof. H.G. Dales, Lancaster University, Lancaster, UK, to do some joint research work and to discuss for possible collaborative research work as well as to organize workshop/conference at Sardar Patel University with some well known foreign speakers in Mathematics. It was a great visit and very useful to our university.

● **Six students of Department of Mathematics cleared NET.**

1. Asma Rajvada
2. Bhavin Patel
3. Manish Pandey
4. Mehul Patel
5. Niraj Babaria
6. Paras Shingadiya
7. Vijay Visavaliya

Hearty congratulations to all of them !

● **Post Graduate Department of Economics**, Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat organized a UGC-sponsored Two-Day National Seminar on "Human Development" on November 1 and 2, 2012. The event was attended by about 140 delegates consisting of college and University teachers from all over Gujarat and National level research institutions situated in Gujarat.

At the outset, Prof. H.P. Trivedi, Professor and Head and Seminar Director, welcomed the dignitaries and delegates and introduced the seminar theme. The Chief Guest on this occasion, Shri K. K. Panchal, Director, Directorate of Human Development, Government of Gujarat and Member Secretary, Gujarat Social Infrastructure Development Board Society (GSIDBS), Gandhinagar outlined the priorities and the functioning of the Directorate of Human Development, Gujarat. The Key Note Address on "Perspectives in Human Development" was delivered by Prof. S. Srinivasa Rao, Professor and Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat. The Presidential Address was delivered by Prof. Mahesh Pathak, former Prof. and Head, Post Graduate Department of Economics, Sardar Patel University. At the end, Dr. Sonal Bhatt, Seminar Coordinator, delivered the Vote of Thanks.

Three Technical Sessions were organized in which, thirty-two research papers were presented by the participants on various themes of human development, with a special focus on issues related to Gujarat State. Dr. Tattwamasi Paltasingh, Associate Professor, Sardar Patel Institute of Economics and Social Research, Ahmedabad delivered a Key Paper on "Gender and Human Development".

Prof. S. Srinivasa Rao, Dr. S.S. Kalamkar, Director, Agro Economic Research Centre, Sardar Patel University and Dr. Tushar Hathi, Professor and Head, Department of Economics, KSKV Kachchh University chaired the three Technical Sessions respectively, while Dr. Mrutyunjay Swain from Agro Economic Research Centre, Sardar Patel University, Prof. D.J. Chauhan and Shri J.K. Barot from Post Graduate Department of Economics, Sardar Patel University provided their services as Rapporteurs for the three sessions respectively.

● તા. ૩-૪ માર્ચ ૨૦૧૨ દરમિયાન અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી), નવી દિલ્હી દ્વારા આયોજિત દ્વિદિવસીય પરિસંવાદ યોજાઇ ગયો. પરિસંવાદનો વિષય ‘સાહિત્ય સંશોધન પદ્ધતિશાસ્ત્ર’ હતો. ગુજરાતી ભાષાસાહિત્ય સંદર્ભે સંશોધન પ્રવૃત્તિની સર્વાંગી વિચારણા કરવાના આશયથી યોજાયેલ આ પરિસંવાદના ઉદ્‌ઘાટક તરીકે અનુસ્નાતક ગુજરાતી વિભાગના પૂર્વછાત્ર અને હાલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદની ભૂમિકા વિભાગના પ્રાધ્યાપક ડૉ. પરમ પાઠકે બાંધી આપી હતી. આ પરિસંવાદમાં પ્રો. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ‘અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન’ વિશે, પ્રો. ધીરુપરીખે ‘તુલનાત્મક સાહિત્યમાં સંશોધન’ વિશે, પ્રો. યોગેન્દ્ર ધોળકિયાએ ‘મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન’ (સંતસાહિત્યનાં વિશેષ સંદર્ભે) વિશે, પ્રો. હસુ યાજ્ઞિકે ‘ગુજરાતી લોકસાહિત્યમાં સંશોધન’ વિશે, તેમ જ પ્રો. દીપક મહેતાએ ‘૧૯મી સદીના ગુજરાતી સાહિત્યમાં સંશોધન’ વિશે અભ્યાસપૂર્ણ તેમ જ સંશોધનરત અને ભાવિ સંશોધકો માટે ઉપયોગી એવા વ્યાખ્યાનો આપ્યા હતા. આ પ્રસંગે લોકસાહિત્યક્ષેત્રે વિશેષ કામ કરનાર પ્રો. ભગવાનદાસ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન વક્તવ્યમાં પ્રો. નરેશ વેદે આ પરિસંવાદની પ્રસ્તુતતા અંગે રાજીપો વ્યક્ત કર્યો હતો. તજ્‌જ્ઞ વ્યાખ્યાતા દ્વારા રજૂ થયેલા વ્યાખ્યાનો દ્વારા વર્તમાન અને ભાવિ સંશોધકો સંશોધનની શિસ્તથી વાકેફ થયા એટલું જ નહિ પણ અનેક વણખેડાયેલા ક્ષેત્રોની જાણકારી પ્રાપ્ત થઇ. સંશોધકને સજ્જ કરતો આ પરિસંવાદ સફળ રહ્યો.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ અને યુજીસીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫-૯-૨૦૧૨ના રોજ રિસર્ચ મેથોડોલોજી વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો

હતો. અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી પ્રિ. આર. પી. પટેલ અને મુખ્ય મહેમાન તરીકે એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટના ડાયરેક્ટર પ્રો. ભદ્રાયુ વચ્છરાજાની ઉપસ્થિત રહ્યા હતા.

આરંભે સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ મહેમાનોને આવકાર્યા હતા અને સાંપ્રત સમયમાં સંશોધનની અનિવાર્યતા વિશે વાત કરી હતી. સેમિનારના સંયોજક ડૉ. બી.એમ. ઝાલાએ સેમિનારની ભૂમિકા રજૂ કરતાં સંશોધનનો અર્થ અને જરૂરિયાત વિશે સમજ આપી હતી. બીજરૂપ વ્યાખ્યાનમાં પ્રો. ભદ્રાયુ વચ્છરાજાનીએ ગુજરાતમાં સંશોધન અંગે પ્રવર્તતા અભિગમ અંગે ટકોર કરી જણાવ્યું હતું કે યુજીસી પાસે પૂરતુ ભંડોળ છે જેનો મહત્તમ લાભ સંશોધકોએ લેવો જોઇએ.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રિ. આર.પી. પટેલે જણાવ્યું હતું કે મનમાં સ્પાર્ક થાય તો સંશોધનને દિશા મળે છે. એક જમાનામાં માત્ર મહાન વિદ્વાનો જ રિસર્ચ કરી શકતા હતા જ્યારે આજે જ્ઞાનનાં અનેક ક્ષેત્રો ખૂલ્યાં છે અને યુ.જી.સી. અને એમ.એચ.આર.ડી. જેવી સંસ્થાઓ નાણાંકીય સવલતો પૂરી પાડે છે ત્યારે પશ્ચિમના વિદ્વાનો જે શિસ્તમાં રિસર્ચ કરી છે એ રીતે આપણે પણ સંશોધન કરવું જોઇએ એમ જણાવ્યું હતું. નાના રિસર્ચને પણ તેમણે ઘર દીવડા સમાન ગણાવી સંશોધન ક્ષેત્રે પદાર્પણ કરવાની અપીલ કરી.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ અને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના સંયુક્ત ઉપક્રમે હિન્દી વિભાગ દ્વારા એક દિવસીય વિદ્યાર્થીલક્ષી અનુવાદ કાર્યશાળા તા. ૧૧-૯-૨૦૧૨ના રોજ યોજાઇ ગઇ.

કાર્યશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી પ્રિ. એસ. એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યશાળામાં વિષય વિશેષજ્ઞ તરીકે ડૉ. મદનમોહન શર્મા અને ડૉ. યોગેન્દ્રનાથમિશ્રાએ સેવાઓ આપી હતી. તેમણે અનુવાદની ઉપયોગિતાની સાથે સાથે સ્રોતભાષા અને લક્ષભાષાની જાણકારી તથા અનુવાદકે અનુવાદ કરતા પહેલાં કઇ કઇ બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ અને અનુવાદ કાર્યમાં પડતી મુશ્કેલીઓની વિગતે ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષાની વાર્તાઓ, નિબંધો, લેખો, ચરિત્રો, કવિતાઓ વગેરે વિદ્યાર્થીઓને આપીને અનુવાદ કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યશાળામાં વલ્લભ વિદ્યાનગર અને આણંદની આર્ટ્સ કોલેજોના ૩૫ વિદ્યાર્થીભાઇ બહેનો અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં તા. ૧૧-૯-૨૦૧૨ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા જ્ઞાનસત્ર યોજાયું હતું. ઉદ્‌ઘાટન બેઠકના અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ડૉ. વિજય પંડ્યા અને હર્ષદેવ માધવ હતા.

ડૉ. વિજય પંડ્યાએ વેદાંત વિશે વાત કરતાં કહ્યું હતું કે 'વેદના હરી લે તે વેદાંત' વેદ-ઉપનિષદોના તત્ત્વજ્ઞાનમાંથી પ્રેરણા લઇ અધ્યયનને તેજસ્વી બનાવવાની વાત કરી હતી. ડૉ. હર્ષદેવ માધવે 'અભિજ્ઞાન શાકુંતલ' વિશે વાત કરતાં કહ્યું હતું કે, આ કૃતિ-વનસંસ્કૃતિ અને નગર સંસ્કૃતિના સંઘર્ષની કથા છે; જેમાં શબ્દ અને અર્થ, રાજા અને પ્રજા, પ્રકૃતિ અને મનુષ્ય, નિયતિ અને માનવી, દેવો અને મનુષ્ય તેમજ સુખ અને દુઃખની કેમિસ્ટ્રી છે. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રિ. એસ. એમ. પટેલે ભાષા સમૃદ્ધિ વધારવા પર ભાર મૂક્યો હતો.

બીજી બેઠકમાં ડૉ. નિરંજન પટેલે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' વિશે વાત કરતાં કહ્યું હતું કે 'ગીતા પાસે મનુષ્યના બધા કોયડાનો ઉપાય છે. આજે ગીતાની તાતી જરૂર છે.' ડૉ. વિનોદ પુરાણીએ 'ભાગવત પુરાણ' પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે વ્યાસે લખેલા બધા ગ્રંથો વૈશ્વિક અને બિનસાંપ્રદાયિક છે.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી વિ. ઝેડ પટેલ કોમર્સ** કોલેજ તેમજ શ્રી ડી.એન. ઇન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સના કાર્યકારી આચાર્યશ્રી જયેશ પુજારા તેમજ શ્રી ડી.એન. ઇન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સના વિભાગીય અધ્યક્ષ સેજલબેન આર. ક્રિશ્ચિયનનું તાજેતરમાં International Journal of Exclusive Management Research ISSN No. 2249-8672 and Online ISSN No. 2249-2585 માં Fund Mobilisation in Indian Financial Market - A Mutual Fund Prospective વિષય ઉપર સંશોધન પત્ર પ્રકાશિત થયેલ છે.

● સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના ઉપક્રમે તાજેતરમાં યુ.જી.સી.ના સહયોગથી ''ઇન્ડિયન પાર્લામેન્ટરી સીસ્ટીમ એન્ડ ડેમોક્રેસી'' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં રાજ્યશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીની ભાવના શંભુભાઇ વારૈયાએ તાજેતરમાં ભ્રષ્ટાચાર નિયંત્રણ માટે મજબૂત લોકપાલ વિષય પર અભ્યાસ લેખ રજૂ કર્યો હતો.

आदर्श पुरुष तो वे हैं
जो परम शांति और निस्तब्धता के बीच भी
तीव्र कर्म का, तथा
प्रबल कर्मशीलता के बीच भी
मरुस्थल की शांति और निस्तब्धता का
अनुभव करते हैं ।

– स्वामी विवेकानन्द

## Extension

● યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો માટેનો ગરબા કાર્યક્રમ સંસ્કાર બાલવાડી પટાંગણમાં યોજાયો હતો અને ગરબામાં કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ સહપરિવાર ઉપસ્થિત રહીને ઉલ્લાસપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો.

● મ્યુઝિયમ અવેરનેસ પ્રોગ્રામ ૨૦૧૨-૧૩ અંતર્ગત, મ્યુઝિયમની બાહ્ય પ્રવૃત્તિઓ હેઠળ, સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ દ્વારા આજે તા. ૭-૯-૨૦૧૨ના રોજ એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ માટે 'પુરાતત્ત્વશાસ્ત્ર' વિષય પર એક ખાસ વ્યાખ્યાન તેમજ સ્લાઈડ-શોનું આયોજન કરવામાં આવ્યું. સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમના ક્યુરેટર શ્રી અમોલ મોહિતે તથા એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના વડાશ્રી મૌલેશ પંડ્યાના સંયુક્ત પ્રયત્નોથી આ વિશિષ્ટ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેનો લાભ આશરે ૮૦ વિદ્યાર્થીઓએ લીધો.

આ વ્યાખ્યાન અંતર્ગત યુનિવર્સિટી મ્યુઝિયમના ક્યુરેટરશ્રીએ સ્લાઈડ-શો દ્વારા 'પુરાતત્ત્વ શાસ્ત્ર' વિષયને લગતી વિશદ્ માહિતી પૂરી પાડી. પાષણ યુગના આદી માનવથી માંડીને સિંધુ સંસ્કૃતિ સુધીની માનવજીવનની ઉત્ક્રાંતિ તેમજ વિકાસની ગાથાને આ વ્યાખ્યાનમાં સમાવી લેવામાં આવી.

● પુરાતત્ત્વ શાસ્ત્રને સંલગ્ન એવા કેટલાંક વિષયો જેમ કે, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર ઉપરાંત ઈતિહાસ જેવા વિષયોના અરસપરસ રહેલ સંબંધ અંગેનું પણ નિરૂપણ આ વ્યાખ્યાન દરમ્યાન કરવામાં આવ્યું.

આ ઉપરાંત, પુરાતત્વ શાસ્ત્રના અનેક પાસાઓને પ્રસ્તુત કરી શ્રી મોહિતેએ તેને એક અભ્યાસના વિષય તરીકે વર્ણવ્યો. તેમ જ આ વિષયના અભ્યાસક્રમ વિશેની પણ માહિતી આપી. પુરાતત્ત્વશાસ્ત્રને એક વિષય તરીકે લઈ સ્નાતક અને અનુસ્નાતક કોર્સ કર્યા બાદ તેમાં રહેલી રોજગારીની તકો વિશે પણ વિસ્તૃત માહિતી આ વ્યાખ્યાનમાં આપવામાં આવી

● સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત ભાઈકાકા ગ્રંથાલયના પ્રથમ માળે નવનિર્મિત કરેલ ''યુનિવર્સિટી સાયબર કાફે''ની લોકાર્પણ વિધિ તા. ૩૦-૧૦-૨૦૧૨ના રોજ યુનિવર્સિટી કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢના વરદ્ હસ્તે કરવામાં આવી. કાર્યકારી યુનિવર્સિટી ગ્રંથપાલ, ડૉ. શિશિર એચ. માંડલિયાએ આ નવનિર્મિત યુનિવર્સિટી સાયબર કાફેનો લાભ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીગણ સારી રીતે ઉપયોગ કરે તેમ જણાવ્યું હતું. વિશેષમાં તેઓએ જણાવ્યું કે હાલમાં આપણી યુનિવર્સિટીના નવનિર્મિત સાયબર કાફે દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ ઈ-રીસોર્સીસનો ઉપયોગ કરી શકે તેમજ ડેલનેટ તથા ઈન્ફલિબનેટ જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાના આપણે મેમ્બર હોઈ તેનો પણ ઉપયોગ કરી સંશોધનમાં કે અભ્યાસને લગતી માહિતી મેળવી શકાશે અને આગામી ટૂંક સમયમાં ભાઈકાકા ગ્રંથાલય દ્વારા પણ વિવિધ ઈ-રીસોર્સીસ જેવા કે ઈ-બુક્સ, ઈ-જર્નલ્સ, વગેરે વિવિધ પબ્લિશરો પાસેથી સબસ્ક્રાઈબ કરવામાં આવશે અને તેનો બહોળો ઉપયોગ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનના વિદ્યાર્થીઓ આ સાયબર કાફે દ્વારા કરી શકે તે મુખ્ય હેતુ છે.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ** કોલેજ ઑફ એજ્યુકેશનમાં વુમન ડેવલપમેન્ટ સેલનું ઉદ્‌ઘાટન તથા ડૉ. આમ્રપાલી મર્ચન્ટના અતિથિવ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ડી.એન. ઈન્સ્ટીટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ (એમ.કોમ. પ્રોગ્રામ)માં ટાટા કન્સલટન્સી સર્વિસીસ લિમિટેડ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન થયું હતું.

આ જ ઈન્સ્ટીટ્યૂટના વિમેન સેલ દ્વારા તાજેતરમાં વિમેન એમ્પાવરમેન્ટ વિષય ઉપર પરિસંવાદ યોજાયો. એમાં સરદાર પટેલ યુનિવર્સિટીના બિઝનેસ સ્ટડીઝ ફેકલ્ટીના ડીન ડૉ. કેતકીબેને સૌને માર્ગદર્શન આપ્યું હતું.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં ''ડ્રામેટીક સ્કીલ્સ ફોર બીઝનેસ કમ્યુનિકેશન એન્ડ આર્ટીક્યુલેશન'' ઉપર ત્રિદિવસીય કાર્યશીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશીબીરનું સંચાલન સાંઈબાબા સિરીયલના કલાકાર શ્રી મુકુલ નાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શીબીરમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શીબીરને અંતે નાટકીય આવડત, પ્રેઝન્ટેશન સ્કીલ, આર્ટીક્યુલેશન સ્કીલ, વોઈસ મોડ્યુલેશન એન્ડ એક્ટીંગ સ્કીલ, કોન્ફીડેન્સ વિગેરેમાં પણ ઘણાં જ સુધારા જોવા મળ્યા હતા.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં યુ.જી.સી. અનુદાનિત રાજ્યકક્ષાનો પ્રવર્તમાન પરીક્ષા પદ્ધતિ વિષયક સેમિનાર તા. ૨૭-૯-૨૦૧૨ના રોજ યોજાયો. અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રી શ્રી જ્યોતીન પટેલ અને મુખ્ય અતિથિતરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ ઉપસ્થિત રહ્યા હતા.

અતિથિવક્તા માનનીય કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢે પરીક્ષા પદ્ધતિ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે આદિકાળમાં પરીક્ષા પદ્ધતિ નહોતી. સાંપ્રત પરીક્ષા પદ્ધતિ અભિશાપ સમાન પુરવાર થઈ છે. મૂલ્યાંકન અને શિક્ષક ઉપર વિશ્વાસ ન મૂકાય ત્યાં સુધી પરીક્ષાની બદી દૂર થવાની નથી. વિદ્યાર્થીઓને અન્યાય ન થાય અને મૂલ્યાંકનમાં વિશ્વસનીય વાતાવરણ ઊભું કરવાની વાત જણાવી મૂલ્યાંકન પદ્ધતિ

બદલવાનો અનુરોધ કર્યો હતો. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં શ્રી જ્યોતીન પટેલે પ્રવર્તમાન પરીક્ષા પદ્ધતિમાં વિદ્યાર્થીગોખણપટ્ટી તરફ વળ્યો છે તે અંગે અજંપો વ્યક્ત કરી જણાવ્યું હતું કે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી તેની પ્રજ્ઞાની કસોટી થાય એ રીતે પરીક્ષાનું સુચારુ આયોજન કરવું જોઇએ. જેથી વિદ્યાર્થીનું યોગ્ય ઘડતર થઇ શકે.

પ્રથમ બેઠકમાં સરદાર પટેલ યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવશ્રી મયંક ભટ્ટે પરીક્ષા પ્રક્રિયા વિશે વાત કરતાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાડે એ રીતે પરીક્ષાઓ યોજાવી જોઇએ. બીજી બેઠકમાં સરદાર પટેલ યુનિવર્સિટી પરીક્ષા સુધારણા એકમના કન્વીનર શ્રી એ.આર.જાનીએ પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિના ફાયદા-ગેરફાયદા વિશે વિગતે ચર્ચા કરી હતી. વીરનર્મદ દ.ગુ. યુનિવર્સિટીના નાયબ કુલસચિવ શ્રી રમેશભાઇ ખડિયાએ પરીક્ષા પદ્ધતિ અને સી.બી.સી.એસ. વિશે વાત કરી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ મુકામે એન.એસ.એસ. યુનિટ દ્વારા આણંદના લોટિયાભાગોળ વિસ્તારમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીસભ્યો અને સ્ટાફ મિત્રો દ્વારા મતદારોને મત આપવા અંગે જાગૃતિ આપવામાં આવેલ હતી.

● આ જ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા નાપાડ (વાંટા) પ્રાથમિક શાળા મુકામે કીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● વિશ્વભરમાં ડેરી વિકાસમાં સૌથી વિસ્તૃત 'કાર્યક્રમ ઓપરેશન ફ્લડ'ના શિલ્પી ડૉ. વર્ગીસ કુરિયનને ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી.એન. ઇન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ (એમ.કોમ. પ્રોગ્રામ)ના વિદ્યાર્થીઓએ શ્રદ્ધાંજલિ આપી.

આ જ ઇન્સ્ટીટ્યૂટમાં બુક-ક્લબના ઉપક્રમે જનરલ પુસ્તકોનું પ્રદર્શન યોજાયું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં શૈક્ષણિક સાધન પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ખ્યાતનામ નૃત્યાંગના ડૉ. મલ્લિકા સારાભાઇની ''દર્પણ'' એકેડેમીની મુલાકાત લીધી હતી. જ્યાં સામાજિક સમસ્યાઓ નૃત્ય દ્વારા અસરકારક રીતે રજૂઆત કરી શકાય તેની જાણકારી ચર્ચા, પ્રેઝન્ટેશન, મલ્ટીમીડીયા અને ડાન્સ દ્વારા અને સંસ્થાના ડાયરેક્ટર ડૉ. મલ્લિકા સારાભાઇ અને મૃણાલીની સારાભાઇ સાથે વાતચીત દ્વારા મેળવેલ.

આ જ કોલેજનાં બી.કોમ. (સ્વનિર્ભર) અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓએ અમૂલ ડેરીની મુલાકાત લીધી હતી.

આ જ કોલેજના બીબીએ પાંચમાં સેમીસ્ટરના વિદ્યાર્થીઓએ મોગર સ્થિત અમૂલ ચોકલેટ પ્લાન્ટની મુલાકાત લઇ મટીરીયલ્સ મેનેજમેન્ટ અને પ્રોડક્શન મેનેજમેન્ટના વિવિધ પાસાઓનો તલસ્પર્શીરૂબરૂ અભ્યાસ કર્યો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ દ્વારા ગત તા. ૯-૧૦-૨૦૧૨ તથા ૧૦-૧૦-૨૦૧૨ના રોજ એક દિવસીય ઔદ્યોગિક એકમની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.વાય.બી.બી.એ. (જનરલ)ના વિદ્યાર્થીઓએ એલિકોન ઇન્ડસ્ટ્રી આણંદની મુલાકાત લીધી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.બી.એ. સેમેસ્ટર ૩ના વિદ્યાર્થીઓ અનુક્રમે તા. ૬-૯-૨૦૧૨ અને ૮-૧૦-૨૦૧૨ના રોજ વિહિતા કેમ. પ્રા. લિ., અંકલેશ્વર અને નિરમા લિમિટેડ, ભાવનગરની ઔદ્યોગિક મુલાકાલ લઇ સંચાલનના વિવિધ પાસાંઓ જેવાં કે માર્કેટીંગ, ફાઇનાન્સ, હ્યુમન રીસોર્સ, સ્ટોર સંચાલન, મેન્યુફેક્ચરીંગનો તલસ્પર્શીઅભ્યાસ કર્યો હતો.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરનાં ભૂગોળ-ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિભાગનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા તા. ૯-૯-૨૦૧૨ના રોજ પ્રાચીન નગર લોથલનો ભૌગોલિક ઇતિહાસના સંદર્ભે સર્વે કરવામાં આવ્યો. જેમાં પ્રા. વિનુભાઇ તળપદા, પ્રા. ગોવિંદભાઇ પોંકિયા, પ્રા. મિનેશભાઇ પટેલ, પ્રા. તસલિમાબેન અને ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ''રાષ્ટ્રીય રમત ગમત દિવસ'' (૨૯મી ઓગસ્ટ) કોલેજનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા યોજવામાં આવ્યો. કોલેજનાં એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફિસર પ્રા. વર્ષાબેન કે. ટંડેલના નેતૃત્વ નીચે ૩૫ જેટલાં વિદ્યાર્થીઓ - એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ જોયલેન્ડનાં અનાથઅને અપંગ બાળકોને વિવિધ રમતો રમાડીને સ્પોર્ટ્સ દિવસ ઉજવ્યો હતો.

આ જ કોલેજમાં બી.કોમ. (સ્વનિર્ભર) અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓ - માટે તાજેતરમાં સરદાર સરોવર ડેમ, ગરૂડેશ્વર અને સૂરપાણેશ્વરની એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજના ગુજરાતી ભાષા-સાહિત્યના પત્રકારત્વ ભણતા વિદ્યાર્થીઓએ તાજેતરમાં નયા પડકાર પ્રેસની મુલાકાત લીધી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઓફ સોશ્યલ વર્કને આશ્રયે તાજેતરમાં અભ્યાસક્રમને અનુરૂપ ટી.વાય.બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે વિદ્યાર્થીઓને વડોદરાની કેટલીક સામાજિક સંસ્થાઓની મુલાકાત માટે લઇ જવામાં આવ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ** એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદ મુકામે એન.એસ.એસ. યુનિટ દ્વારા ૮મી ઓક્ટોબરે નશાબંધી ખાતુ, આણંદ જિલ્લા દ્વારા વ્યસનમુક્તિ પૂર્ણાહુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદથી 'પૂર્વીઆર્ટ થિયેટર'નાં કલાકારો શ્રી ભરતભાઇ પંચોળી અને સાથી કલાકારોએ 'ચૂડી અને ચાંદલો' નાટક રજૂ કરી વિદ્યાર્થીઓને દારૂ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તાજેતરમાં પેટલાદ તાલુકાના સિંહોલ ગામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ કોલેજ દ્વારા તાજેતરમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં કારકિર્દીમાર્ગદર્શન અને આયોજન/જ્ઞાનધારા (ઉદિશા પ્લેસમેન્ટ સેલ) ઉપક્રમે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ભીખુભાઇ એન. પટેલનાં પ્રમુખ સ્થાને એમ.એસ. યુનિવર્સિટીના ડૉ. જ્ઞાનેશ દેસાઇ દ્વારા સેબીના ફાઇનાન્સીયલ એજ્યુકેશન વર્કશોપ અંતર્ગત 'ફાઇનાન્સીયલ પ્લાનીંગ' ફોર યુથઇન્વેસ્ટર્સ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

● ઉમરેઠ તાલુકાના થામણા ગામ મુકામે 4 Guj Bn V.V. Nagar દ્વારા NCC કેમ્પ CATC-VIIનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નલિની કોલેજના ૪૨ કેડેટ્સ જોડાયા હતા. કેમ્પ દરમિયાન થયેલી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓમાં તેમણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બેસ્ટ ઇન ડ્રીલ અને બેસ્ટ પાઇલટ તરીકે રાજુ ગોજિયા પસંદગી પામ્યા હતા અને બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. આ ટુકડીએ વોલીબોલ સ્પર્ધામાં ચેમ્પીયન થઇ, ટ્રોફી પ્રાપ્ત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભક્તિ ગીત સ્પર્ધામાં ભાવેશ રાઠોડે પ્રથમ ક્રમાંકે રહી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, જ્યારે નીતિન વાડિયાએ 'સમાજદર્શન' વિષય ઉપર વક્તવ્ય આપી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ટગ ઑફ વોર સ્પર્ધામાં કોલેજના કેડેટ્સે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી, ટ્રોફી મેળવી હતી. ગાર્ડ ઑફ ઓનરમાં ત્રણ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા તેમને બ્રોન્ઝ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. સમગ્ર કેમ્પ દરમિયાન મેજર બી.એમ. ઝાલાએ એનસીસી ઓફિસર તરીકે હાજર રહી કેડેટ્સને પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ** બિઝનેસ સ્ટડીઝ ખાતે તાજેતરમાં ઇન્ટર ક્લાસ કેરમ સ્પર્ધા યોજાઇ હતી.

● આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે આણંદ જિલ્લામાં કાર્યરત સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી અને એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ માટે 'સહકારી સાહસો દ્વારા સારા વિશ્વનું નિર્માણ' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજની અર્થશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીની કુ. પ્રીતિબહેન ગુલાબભાઇ ભોયા-એસ.વાય.બી.એ., પ્રથમ ક્રમાંકે વિજેતા નિવડ્યાં હતાં.

● તાજેતરમાં મ્યુઝિયમ વિભાગના ક્યુરેટરશ્રી અમોલ મોહિતે દ્વારા યુનિવર્સિટી મ્યુઝિયમ ખાતે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. આ વ્યાખ્યાનમાં નલીની એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજના ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિભાગના ૭૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૩ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ મ્યુઝિયમના પ્રદર્શન ખંડોનો તેમજ અનામત સંગ્રહ-ખંડની મુલાકાત લીધી હતી. તે ઉપરાંત ક્યુરેટરશ્રીએ મ્યુઝિયમ સંગ્રહ પર આધારિત સ્લાઇડ-શો બતાવીને તેમને આપણી બહુમૂલ્ય સંસ્કૃતિની ઓળખ આપી હતી. તેમજ ઇતિહાસ જેવા વિષયને સંલગ્ન અન્ય વિષયો જેમ કે પુરાતત્ત્વ શાસ્ત્ર અને સંગ્રહાલય શાસ્ત્ર વિશે ઉંડાણપૂર્વક માહિતી અને સાથે સાથે તેમાં રહેલ રોજગારીની તકો વિશે પણ જાણકારી આપી હતી.

શિક્ષક દિન ઉજવણી

● વે મેડ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રો. જે. કે. દવે (નિવૃત્ત પ્રોફેસર, અનુસ્નાતક શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી)નું વક્તવ્ય યોજાયું. ડૉ. ચતુરભાઇ પટેલે ચરોતરી બોલીમાં સ્વરચિત કવિતાઓ રજૂ કરી, કોલેજના વિદ્યાર્થીઓએ સમાજજીવનના વિવિધ પ્રશ્નોને વાચા આપતા નાટકો રજૂ કર્યા.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં એમ.કોમ., બી.કોમ. (સ્વનિર્ભર)ના ૨૧ વિદ્યાર્થીઓ, બી.કોમ.ના ૩૦ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી, પીજીડીસીએ, બીસીએ, બીબીએ (આઇટીએમ) ના વિદ્યાર્થીઓ માટે શિક્ષક દિન વિષયને લગતી ઓન ધ સ્પોટ કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજાઇ.

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્કમાં નાટક ભજવાયું. શિક્ષક દિન અનુરૂપ ગાન થયું.

● આણંદ કોમર્સ કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઇ. વક્તૃત્વમાં મમતા

પ્રજાપતિ (ટીવાયબીબીએ-એફટી) અને નિબંધ લેખનમાં સુનિતા યાદવ (એસવાયબીબીએ-એફટી) પ્રથમ વિજેતા જાહેર થયા. ૪૭ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા અદા કરી.

● શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરી ખાતે ડૉ. રાધાકૃષ્ણનના જીવનદર્શન પર ઓન ધ સ્પોટ ક્વીઝ યોજાઇ. માસુમ પટેલ, સંજય ગામીત એમાં પ્રથમ વિજેતા થયા.

● એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન ખાતે ડૉ. અમિતાબહેન પટેલ, ડૉ. રસીદાબેન દિવાન, ડૉ. એ. કે. શાહના પ્રસંગોચિત વક્તવ્યો યોજાયા.

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ડૉ. શરદભાઇ કે. પટેલ (નિવૃત્ત અધ્યાપક, એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ)નું વક્તવ્ય યોજાયું. કાર્ડ મેકિંગ કોમ્પીટીશન યોજાઇ. એમાં કિન્નરી વસાવા પ્રથમ વિજેતા થયાં. શ્રી બી.સી. ગાંધીનું સન્માન થયું. બેંકના કાર્યો વિષે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું.

● ડી. એન. ઇન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ (એમ.કોમ.) ખાતે ૧૪ વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા ભજવી.

● સેમકોમ કોલેજ ખાતે ૪૨ વિદ્યાર્થીઓએ એફ.વાય.થી પી.જી. સુધીનું શિક્ષણકાર્ય કર્યું.

### ઉમાશંકર જન્મજયંતી

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ગુજરાતી ભાષાના સુખ્યાત કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી ઉજવાઇ. પ્રા. ડૉ. અનિતાબહેન સાલુંકે (ગુજરાતીના વ્યાખ્યાતા, નલિની અરવિન્દ આર્ટ્સ કોલેજ) એ ઉમાશંકર જોશીના સાહિત્યપ્રદાન અંગે મુખ્ય મહેમાનપદેથી વ્યાખ્યાન આપ્યું.

### ઝવેરચંદ મેઘાણી જન્મજયંતી

● શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ ખાતે મેઘાણી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે શ્રી નરેશદાન ગઢવીનો 'મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો.

### પ્રેમચંદ જન્મજયંતી

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે પ્રેમચંદ જન્મજયંતી નિમિત્તે ડૉ. વર્મલાબેન ભમ્વરીએ પ્રેમચંદના સાહિત્ય પ્રદાન અને એમાં પણ ગોદાન નવલકથા અંગે વક્તવ્ય આપ્યું. આ પ્રસંગે પુસ્તક પ્રદર્શન પણ યોજાયું.

### લોકમાન્ય ટીળક બલિદાન દીન

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ટી.વી. પટેલ હાયર સેકંડરી સ્કૂલના મદદનીશ શિક્ષક શ્રી ધર્મેન્દ્ર પાઠકનું વક્તવ્ય યોજાયું.

### સંસ્કૃત દિન

● એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રો. એમ. કે. યાજ્ઞિકે સંસ્કૃત દિન નિમિત્તે સંસ્કૃત વાઙ્મયનો પરિચય કરાવ્યો. વિદ્યાર્થીઓએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં ને સંસ્કૃત ગીતો પણ રજૂ થયાં.

### હિન્દી દિવસ

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ડૉ. નીના શર્માનું હિંદી ભાષા સાહિત્ય અંગે પ્રવચન યોજાયું. 'ઝાંસી કી રાની લક્ષ્મીબાઇ' એનિમેટેડ ફિલ્મ દર્શાવવામાં આવી.

● સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલ ખાતે શ્રી પંકજભાઇ પટેલનું પ્રસંગોચિત વક્તવ્ય યોજાયું.

### વિશ્વ વસ્તી દિન

● આણંદ એજ્યુકેશન કોલેજમાં આ નિમિત્તે માનવ સંસાધનના સ્રોત તરીકે વસ્તીવધારો એ જીવનની ગુણવત્તા વધારી શકે ખરો ? વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ. નિરાલી સોની એમાં પ્રથમ વિજેતા નીવડ્યા.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઇ. મમતા રાઠોડ એમાં પ્રથમ વિજેતા જાહેર થયાં.

● એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રશિક્ષણાર્થીઓના પ્રસંગોચિત વક્તવ્યો યોજાયાં. 'વસતિ અને વિકાસઃ નૂતન સંકલ્પના' પુસ્તકનું વિતરણ થયું.

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ડૉ. મીનાક્ષીબહેન શેલતનું વક્તવ્ય યોજાયું. પુસ્તક પ્રદર્શન યોજાયું.

### વિશ્વ અંધજન દિન

● આણંદ કોમર્સ કોલેજ ખાતે વિશ્વ અંધજન દિન આ નિમિત્તે વિદ્યાર્થીઓ પાસેથી ફાળો એકત્ર કરવામાં આવ્યો. અંધજન સ્કૂલ, વાઠવાળી, જિ. ખેડાનેએ અર્પણ કરવામાં આવ્યો.

### સદ્ભાવના દિન

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક ખાતે એન.એસ. એસ. અંતર્ગત બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓએ સદ્ભાવના દિનની ઉજવણી કરી. એમાં વિવિધ ધર્મોની પ્રાર્થનાઓ, અને ઉપદેશો રજૂ કરવામાં આવ્યા.

### ઇદ પર્વ

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ ખાતે ઇદ પર્વની ઉજવણી થઇ.

## રક્ષાબંધન પર્વ

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ ખાતે રક્ષાબંધન નિમિત્તે બ્રહ્માકુમારી ગીતાબહેને પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું.

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ રાખડી બનાવવાની કાર્યશાળા યોજાઇ.

## શ્રાવણી મેળો

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક દ્વારા બે દિવસ માટે શ્રાવણી મેળો યોજાયો. એમાં હસ્તકલાની ચીજવસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી.

## જન્માષ્ટમી

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે જન્માષ્ટમી નિમિત્તે ગીત, નૃત્યાદિ કાર્યક્રમો યોજાયા. પ્રશિક્ષણાર્થીઓએ પ્રસંગોચિત વાર્તાલાપ આપ્યા.

## આરોગ્ય

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે સામુદાયિક વિકાસ ધારા અંતર્ગત થેલેસેમિયા અભિમુખતા અને વ્યક્તિગત પરીક્ષણ કાર્યક્રમનું આયોજન થયું. એમાં રેડક્રોસ સોસાયટી, અમદાવાદનો સહયોગ સાંપડ્યો. રેડક્રોસ સોસાયટીના શ્રી પ્રવીણભાઇ ઝાલાએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ ખાતે ૪૬૯ જેટલાં વિદ્યાર્થીઓનો થેલેસેમિયા સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવ્યો. લાયન્સ કલબ, આણંદનો આ પ્રસંગે સહયોગ પ્રાપ્ત થયો હતો.

● આણંદ કોમર્સ કોલેજ ખાતે મિલ્ક સીટી જેસી આણંદના સહયોગમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા ૬૯૦ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ ખાતે એન.એસ.એસ.ના ઉપક્રમે એફ.વાય.બી.કોમ., એફ.વાય.બીબીએના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો.

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે સીડબલ્યુસી તેમજ ઇનરવ્હીલ કલબના સંયુક્ત ઉપક્રમે શ્રી પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના બાળરોગ નિષ્ણાત ડૉ. નિખિલ ખારોડનું બ્રેસ્ટ ફિડીંગ અવેરનેસ (સ્તનપાન સભાનતા) અંગે વક્તવ્ય યોજાયું હતું.

● સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર ખાતે રેડક્રોસ સોસાયટીના સહયોગમાં કારગીલ દિસની ઉજવણીના ભાગરૂપે રક્તદાન શિબિરનું આયોજન થયું. એમાં ૧૮૬ બોટલ રક્ત એકત્ર થયું. વળી, દેશભક્તિના ગીતોની હરિફાઇ પણ યોજવામાં આવી હતી.

● આણંદ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના, એનસીસી, જે.સી.આઇ., આણંદના સંયુક્ત ઉપક્રમે રક્તદાન અને નેત્ર તપાસ શિબિરનું આયોજન થયું. એમાં એ.ડી. ગોરવાલા બ્લડ બેંક, કરમસદનો સહયોગ સાંપડ્યો.

● આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે પ્રવચન શ્રેણી, ઉદિશા કલબ, જ્ઞાનધારા અને યોગ ખેલકૂદ ધારાના ઉપક્રમે નૈમિષા લાલાજી (બી.એમ.સી. ઇન્સ્ટી., મુંબઇ)નો યોગ અંગે વાર્તાલાપ યોજાયો.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજના એનએસએસ વિભાગના ઉપક્રમે શંકરા આઇ હોસ્પિટલ, મોગરના ડૉ. ઉત્કર્ષ ભારદ્વાજનું ચક્ષુદાન અંગે વક્તવ્ય યોજાયું.

## ટેલન્ટ હન્ટ-૨૦૧૨

● સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

બીસીએ, બીબીએ-આઇટીએમ, પીજીડીસીએના વિદ્યાર્થીઓ માટે સોલો એન્ડ ગ્રુપ ડાન્સ, સોલો એન્ડ ગ્રુપ સોંગ, ડ્રામા, વન એક્ટ પ્લે, માઇમ...

## વાર્તાલેખન સ્પર્ધા

● શ્રી આઇ.જે. પટેલ બી.એડ્. કોલેજ

વોઇસ ઑફ ઇન્સ્ટીટ્યૂટ વીથબ્રીજ જોશી

શ્રી ડી.એન. ઇન્સ્ટીટ્યૂટ ઑફ પીજી સ્ટડીઝ ઇન કોમર્સ

નિર્ણાયક : શ્રી બ્રીજ જોશી

વિજેતા : વિરાટ પંડ્યા

## દેશભક્તિ ગીત સ્પર્ધા

● આણંદ કોમર્સ કોલેજ- એનએસએસ વિભાગ

વિજેતા : પ્રથમ-જયમીશ ધગટ; દ્વિતીય-કોમલ વાઘેલા; તૃતીય-બ્રિજેશ વીરમગામી

● આઇ.જે. પટેલ બી.એડ્. કોલેજ

વિજેતા : પ્રથમ-આમીરખાન પઠાણ; દ્વિતીય-પુષ્પા પરમાર; તૃતીય-વિનુ ઠાકોર

## પોસ્ટર મેકીંગ સ્પર્ધા

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક

વિષય : બેટી બચાવો, પર્યાવરણ બચાવો

વિજેતાઃ પ્રથમ-રિચાર્ડ મેકવાન (એફવાય બીએસડબલ્યુ)

### મહેંદી સ્પર્ધા

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

પ્રથમ વિજેતા : શમા વહોરા

● એફ. એચ. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી

પ્રથમ વિજેતાઃ સાજીયાબાનુ પઠાણ

● ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન

પ્રથમ વિજેતાઃ પ્રિયા વાઘેલા

### કેશગૂંફન સ્પર્ધા

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

પ્રથમ વિજેતાઃ નઝીબા વ્હોરા

### વાનગી સ્પર્ધા

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ બીઝનેસ સ્ટડીઝ-એનએસએસ વિભાગ

### અન્ય સ્પર્ધાઓ

● એચ.એમ. પટેલ મેમોરિયલ ઇલોક્યુશન કોમ્પીટીશન

અનુ. અર્થશાસ્ત્ર વિભાગ, વિષય : સેલ્યુલર ફોનનો ઉપયોગ અને વિદ્યાર્થીઓ

વિજેતા : પ્રથમ- પલ્લવી ખેર- વે મેડ કોલેજ ઑફ એજ્યુકેશન

દ્વિતીયઃ પુનિતા રાજપુરોહિત- બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી

તૃતીયઃ અનીશ પટેલ- આણંદ લૉ કોલેજ

નિર્ણાયકો : ડૉ. યજ્ઞેશ દલવાડી (બિઝનેસ સ્ટડીઝ વિભાગ), ડૉ. નિરંજન પટેલ (સંસ્કૃત વિભાગ), ડૉ. જીગીશ પંડ્યા (ઇતિહાસ વિભાગ)

### આંતર કોલેજ વિજયપદ્મ પરિવિવાદ સ્પર્ધા

● એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન

વિષયઃ મુક્ત શાળાઓ (Open Schools) પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીનો સક્ષમ વિકલ્પ છે

વિજયપદ્મ વિજેતા : આણંદ એજ્યુકેશન કોલેજ

પ્રથમ વિજેતા : ધર્મેશ અંકલેશ્વરીયા - એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન

દ્વિતીય : કલ્પના પટેલ - આણંદ એજ્યુકેશન કોલેજ

તૃતીય : કોમલ પંડ્યા - આણંદ એજ્યુકેશન કોલેજ

નિર્ણાયકો : ડૉ. નંદાબેન પટેલ (અર્થશાસ્ત્ર વિભાગ), ડૉ. અમીતાબેન ભટ્ટ (આણંદ આર્ટ્સ કોલેજ), ડૉ. મહેશભાઇ સ્ટેલીન (આચાર્ય, આઇ. બી. પટેલ ઇંગ્લીશ સ્કૂલ)

### વક્તૃત્વ સ્પર્ધા

● એફ.એચ. ઇન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી, આણંદ

વિષય : વર્તમાન શિક્ષણ વ્યવસ્થા

વિજેતાઃ પ્રથમઃ જ્યોતિસિંગ રાઠોર (ટીવાયબીબીએ-એફટી)

દ્વિતીય : આયેશા આઇ પરમાર (એફવાયબીબીએ-જનરલ)

તૃતીય : આકાશ પટેલ (એસવાયબીબીએ-એફટી)

### આર્ટ ઑફ સ્પીકીંગ કોમ્પીટીશન

● એફ.એચ.ઇન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી, આણંદ

વિષય : અંગ્રેજી

વિજેતાઃ પ્રથમઃ સીફ્રા વ્હોરા

દ્વિતીય : ઇદરીશ પટેલ

તૃતીયઃ કુંજન પટેલ

નિર્ણાયક : પ્રો. એમ.ટી. ખાન

### વક્તૃત્વ સ્પર્ધા

● સેમકોમ કોલેજ

વિષય : ઇન્ડિયા કેન નેવર બી કરપ્શન ફ્રી; એફડીઆઇ ઇન રીટેલ વિલ કિલ સ્મોલ ટ્રેડર્સ ઇન અવર કન્ટ્રી; હાયર એજ્યુકેશન ઇન ઇન્ડિયા લેક્સ ક્વોલીટી અને સોશ્યલ મીડિયા ઇઝ સોશ્યલ વેસ્ટ

વિજેતાઃ પ્રથમઃ શરદ બ્રહ્મભટ્ટ (ટીવાયબીબીએ-આઇટીએમ)

દ્વિતીયઃ ધ્રુવા ગાંધી અને નીશા વ્હોરા (સંયુક્ત) (એફવાયબીબીએ-આઇટીએમ)

તૃતીયઃ હરિતા પટેલ (એફવાયબીબીએ-આઇટીએમ)

નિર્ણાયક : શ્રી જશવંત રાવલ (તંત્રી, નયા પડકાર), આરતી વ્યાસ (ફ્રિ લાન્સર), પ્રા. વૈભવ જોશી (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કોલેજ, ખંભાત)

### વક્તૃત્વ સ્પર્ધા

● સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

વિષય : લોકશાહીમાં મતદાનનું મહત્ત્વ

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક

વિષય : વર્તમાન નારી : સમસ્યા અને સમાધાન

વિજેતાઃ પ્રથમઃ શાલુ મિત્તલ (એફવાયબીએસડબલ્યુ)

દ્વિતીય : અર્પિતા પટેલ (એમએસડબલ્યુ)

તૃતીય : મોક્ષદા શાહ અને જેકલીન મેકવાન (સંયુક્ત)

નિર્ણાયકો : ડૉ. કપિલા શેખડીવાળા (આણંદ ઇન્સ્ટી. ઑફ પીજી સ્ટડીઝ ઇન આર્ટ્સ), ડૉ. અભીપ્સાબેન (આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન)

### ઓન ધ સ્પોટ સ્પીકીંગ કોમ્પીટીશન

● સી. પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

વિજેતાઃ પ્રથમઃ નિધી રાજન (એમ.કોમ, સેમ-૩)

દ્વિતીય : દ્વારકાધીશ શુક્લ (બીબીએ, આઇટીએમ)

તૃતીય : હીરલ પટેલ (એફવાયબીબીએ)

નિર્ણાયકો : ડૉ. આશુતોષ (આણંદ કોમર્સ કોલેજ), ડૉ. યાજ્ઞિક (આણંદ કોમર્સ કોલેજ) અને પ્રા. વિભા જશરાય (એમકોસ્ટ)

### નિબંધ સ્પર્ધા

● શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરી

વિષય : આધુનિક યુવાનોની સમસ્યાઓ અને સ્વામી વિવેકાનંદ

વિજેતાઃ પ્રથમ : મિત્તલ એ. પટેલ; દ્વિતીય : લલિતા ભુરીયા; તૃતીય : માહેનુર મલેક

### સ્વરચિત કાવ્ય સ્પર્ધા

● શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરી

વિજેતાઃ પ્રથમઃ કૌશલ પરમાર; દ્વિતીય : શ્વેતલ વસાવા; તૃતીય : હિતેન્દ્ર ગોહિલ

### નોવેલ્સ એડ મેકિંગ શો

● સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર

સંચાલન : શ્રી દીપક ગીદવાની (જનરલ મેનેજર માર્કેટીંગ, દિનેશ મીલ)

ફાઇન આર્ટ સ્પર્ધા : સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર

કોલાજ મેકીંગ, રંગોળી, કાર્ટુન, ક્લે મોડેલીંગ, પોસ્ટર મેકીંગ

ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ : ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

### વાંચન શિબિર

● અનુસ્નાતક ગુજરાતી વિભાગના ઉપક્રમે ૨ સપ્ટે. ૨૦૧૨ના રોજ અનુઆધુનિક ગુજરાતી સાહિત્યની નવલિકાઓ અંગે એક વાચન શિબિર યોજાઇ. એમાં વિભાગના પચીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરનું બીજ વક્તવ્ય જાણીતા ચિત્રકાર કનુ પટેલ (આચાર્ય, સીવીએમ, એપ્લાઇડ આર્ટ્સ કોલેજ)એ આપ્યું હતું.




આર્ટ કાર્નિવલ- ૨૦૧૨

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ

રંગોળી, કાર્ટુન, સલાડ એરેંજમેન્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ, પોસ્ટર મેકિંગ, નેઇલ આર્ટ એન્ડ વેડીંગ. ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

### મૌલિક સર્જન-લેખન કાર્યશિબિર

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં ૧૦ સપ્ટે. ૨૦૧૨ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા સાહિત્ય કૃતિનું પઠન અને મૌલિક સર્જન-લેખન અંગે કાર્યશિબિર યોજાઇ હતી. એનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે કર્યું. શિબિરમાં ડૉ. મણિલાલ હ. પટેલ અને ડૉ. આર.પી. પટેલે સાહિત્યકૃતિનું પઠન અને મૌલિક સર્જન અંગે વક્તવ્યો આપ્યાં. શિબિરમાં સરદાર પટેલ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાંથી ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

### વ્યક્તિત્વ વિકાસ તાલીમ

● આણંદ કોમર્સ કોલેજ ખાતે મિલ્ક સીટી જેસીઆઇ, આણંદના સહયોગમાં વ્યક્તિત્વ વિકાસ અંગે જેસીઆઇના ૧૨ તાલીમદાતા (ટ્રેઇનર્સ) દ્વારા તાલીમ આપવામાં આવી.

● જેસીઆઇ, આણંદ ટાઉન દ્વારા ૩ થી ૧૦ સપ્ટે. ૨૦૧૨ને આઇડી વીક તરીકે ઉજવવામાં આવ્યું. એ નિમિત્તે એન્ટરપ્રીનિયોરશીપ, ટાઇમ મેનેજમેન્ટ, લીડરશીપ, કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી, કસ્ટમર રીલેશનશીપ, મેનેજમેન્ટ જેવા વિષયો પર જેસી સેતલ ગોંસાઇ, જેસી ઉમેશ દોશી, જેશી નીરજ મોદી, જેસી કમલેશ ઠક્કર અને જેસી મીનાક્ષી ભટનાગરના વક્તવ્યો આણંદ કોમર્સ કોલેજ ખાતે યોજાયાં હતાં.

### સર્પ નિદર્શન કાર્યક્રમ

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં નેચર ક્લબ દ્વારા વિદ્યાનગર નેચર ક્લબના

સહયોગમાં સર્પ નિદર્શનનો કાર્યક્રમ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ યોજાયો હતો.

● ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન અને સેંટ સ્ટીફન ઇન્સ્ટીટ્યૂટ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદ ખાતે શ્રી ઉપેન્દ્રભાઇ ભોઇનો સ્નેક શો (સર્પ નિદર્શન કાર્યક્રમ) યોજાયો હતો.

'સ્કોપ' અંતર્ગત અંગ્રેજીના વર્ગો

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં 'સ્કોપ' અંતર્ગત અંગ્રેજી શિક્ષણના વર્ગોનું ઉદ્ઘાટન થયું. એના મુખ્ય વક્તા હતા શ્રી વિજય વર્ગીય.

શ્રમ શિબિર સ્વચ્છતા/અભિયાન ગુટકા/મુક્તિ અભિયાન

● એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર દ્વારા ૧૯ ઓક્ટો. ૨૦૧૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિ અંતર્ગત એક દિવસીય શ્રમ શિબિર યોજાઇ હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝના એન.એસ.એસ. અંતર્ગત ૭ ઓક્ટો. ૨૦૧૨ના રોજ શ્રમ શિબિર યોજાઇ હતી.

● ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન અને સેંટ સ્ટીફન ઇન્સ્ટીટ્યૂટ ઑફ બીઝનેસ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્કના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત ૬ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ સફાઇ ઝુંબેશ હાથધરવામાં આવી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ ખાતે ગુટકા મુક્તિ અભિયાન યોજાયું હતું. એ માટેના સંકલ્પપત્રનું વાંચન કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓએ આણંદ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ એકત્ર કરેલા સ્વૈચ્છિક ફાળામાંથી કીટ તૈયાર કરીને એનું વૃદ્ધોને વિતરણ કરવામાં આવ્યું.

અભિમુખતા શિબિર/કાર્યક્રમ

● એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં ૧૭ સપ્ટેમ્બરમાં 'વુમન સેલ પરિચય'નો કાર્યક્રમ યોજાયો હતો.

● નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજની ભગીરથહોસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **તારકેશ એન્ડ નિરંજના** સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજમાં નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓનો સ્વાગત, અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● આણંદ એજ્યુકેશન કોલેજમાં TET/TATની અભિમુખતા માટે કાર્યક્રમ યોજાયો હતો. એમાં ડૉ. મહેશભાઇ સોલંકીએ સર્વસ્પર્શીવક્તવ્ય આપ્યું હતું.

● આણંદ એજ્યુકેશન કોલેજમાં સપ્તધારા અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● એફ. એચ. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી, આણંદ ખાતે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ ખાતે પ્રથમ વર્ષ બી.કોમ, બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. આ જ કોલેજના બીસીએ, બીબીએ-આઇટીએમ અને પીજીડીસીએના વિદ્યાર્થીઓનો પણ અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ બીઝનેસ સ્ટડીઝ ખાતે વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. આ જ કોલેજના એન.એસ.એસ. યુનિટનો અભિમુખતા કાર્યક્રમ પણ યોજાયો હતો.

● આણંદ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. વિભાગનો અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

● આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્કના બીએસડબલ્યુના વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ.નો અભિમુખતા શિબિર યોજાયો હતો.

● સી.પી. પટેલ એન્ડ એફ. એચ.શાહ કોમર્સ કોલેજમાં ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આણંદ એજ્યુકેશન કોલેજના ગ્રંથપાલ ડૉ. વૈશાલીબેન ભાવસારનું વ્યાખ્યાન પણ યોજાયું હતું.

● આણંદ એજ્યુકેશન કોલેજના ગ્રંથાલય દ્વારા ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

એલ્યુમની મીટ

● અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ દ્વારા તાજેતરમાં છઠ્ઠી એલ્યુમની મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મોટી સંખ્યામાં પૂર્વ છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

વાલી સંમેલન

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજના પીજીડીસીએ, બીસીએ, બીબીએ (આઇટીએમ)ના વિદ્યાર્થીઓનું તાજેતરમાં વાલી-શિક્ષક સંમેલન યોજાયું હતું.

● આણંદ એજ્યુકેશન કોલેજમાં વાલી શિક્ષક સંમેલન યોજાયું હતું.

વ્યાખ્યાનો યોજાયાં

● શ્રી આઈ.જે. પટેલ એમ. એડ્. કોર્સ, મોગરી - ડૉ. પલ્લવી પી. પટેલ (ડીન, એજ્યુકેશન વિભાગ, સ.પ. યુનિ.) - ચિંતનાત્મક શિક્ષણ

● શ્રી આઈ. જે. પટેલ એમ. એડ્. કોર્સ, મોગરી - ડૉ. પરમ પાઠક (પ્રોફેસર, અનુ. ગુજરાતી વિભાગ) - ગ્રંથસમીક્ષા

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, વિજયાબેન અગ્રવાલ- ટીમ બિલ્ડીંગ

● શ્રી ડી. એન. ઈન્સ્ટીટ્યૂટ ઑફ પી. જી. સ્ટડીઝ ઇન કોમર્સ (એમ. કોમ. પ્રોગ્રામ) - ડૉ. આર. એમ. જોશી (એસોસીએટ પ્રોફેસર, બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિ.) સોશ્યલ એન્ડ એથિકલ ઇસ્યુઝ ઇન મેનેજમેન્ટ

● નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વિમેન સેલ - પારુલ ટીના દોશી- સ્ત્રી સશક્તિકરણઃ પ્રાચીન કાળથી અર્વાચીનકાળ

● શ્રી આઈ.જે. પટેલ એમ. એડ્. કોર્સ - ડૉ. કે. એસ. લિખીયા (શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ. પ. યુનિ.) - રીસર્ચ પ્રપોઝલ

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ - જ્ઞાનધારા સેલ - બ્રહ્માકુમારી નેહાબેન - ડાઇલુટીંગ સ્ટ્રેસ - પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા

● સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ - વિમેન સેલ - બ્રહ્માકુમારી ગીતાબહેન - નારીની જવાબદારી

● આણંદ કોમર્સ કોલેજ - વિમેન સેલ - ડૉ. આમ્રપાલી મરચન્ટ - સ્ત્રી સશક્તિકરણમાં પુરૂષોનો ફાળો

● આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક - ડૉ. શિવાની મિશ્રા (કાર્યકારી નિયામક, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક, સ.પ. યુનિ.) - સોશ્યલ રીસર્ચ વર્ક

● આણંદ એજ્યુકેશન કોલેજ - ડૉ. પ્રફુલસિંહ રાજ - માનવ સંબંધો અને કારકિર્દી- વિજયભાઇ વર્ગીસ - કારકિર્દીનિર્માણ

● એફ. એચ. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી - પ્રો. શીલાબેન વી. પીન્ટો (સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ) - માહિતી સંચાર

પ્રો. પી. કે. પ્રિયાન (એમ.બી.એ. વિભાગ, સ.પ. યુનિ.) - ઇન્ટરનેશનલ ફાઇનાન્સ

● શ્રી ધવલભાઇ પટેલ - મેનેજીંગ ટ્રસ્ટી, નેચર ક્લબ, વલ્લભ વિદ્યાનગર - પર્યાવરણ અભિમુખતા અને સંરક્ષણ

● આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક - આશાબહેન દલાલ - સ્ત્રીઓની જાતીય સતામણી અને કાયદો

● જે. એમ. ત્રિવેદી - અધ્યક્ષ, અનુ. સમાજશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિ. - સામાજિક કાર્ય : ભાવાર્થ અને વ્યવહાર

● ડી. કે. ગુપ્તા (ડેપ્યુટી મેનેજર, એમ.જી.વી.સી.એલ.) : ટ્રેડ યુનિયન

● ડૉ. નિનાદ ઝાલા : ઔદ્યોગિક સામાજિક ઉત્તરદાયિત્વ

● મંગેશ મૂલે (આસી. સેક્રેટરી, એચ.આર., એમ.જી.વી.સી.એલ) : ટીમ બિલ્ડીંગ

● ડૉ. શિવાની મિશ્રા (કાર્યકારી નિયામક, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક, સ.પ. યુનિ.) - સેમ્પલીંગ ડિઝાઇનીંગ

● નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર, મનોવિજ્ઞાન વિભાગ - ડૉ. પલ્લવી ત્રિવેદી (ઈલસાસ કોલેજ, મનોવિજ્ઞાન વિભાગ) - ડિપ્રેશન, ઉદાસીનતા

● એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન - શ્રી પંકજભાઇ લીંબાચીયા, વંદનાબહેન વ્યાસ - માનવ શરીરમાં રક્તનું મહત્ત્વ

● શ્રી વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ તેમ જ શ્રી ડી. એન. ઈન્સ્ટીટ્યૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સના કાર્યકારી આચાર્ય શ્રી જયેશ પુજારાએ ડૉ. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે તાજેતરમાં યુજીસી અનુદાનિત સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ શિબિરમાં વક્તવ્યો આપ્યાં હતાં.

• ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં તાજેતરમાં બાબુ દાવલપુરા વ્યાખ્યાનમાળા અંતર્ગત જાણીતા સાહિત્યકાર શ્રી રાજેન્દ્રભાઇ પટેલનું 'મારી સાહિત્ય સર્જનપ્રક્રિયા' વિષય પર વ્યાખ્યાન ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી પ્રિ. એસ. એમ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું.

શ્રી રાજેન્દ્ર પટેલે સર્જન પ્રક્રિયા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે સ્વાનુભવ, નિરીક્ષણ, સમસંવેદન અને કલ્પના વડે સર્જન શક્ય બને છે. અભાવો, દુઃખ, બાહ્ય ઘટનાઓ સર્જનમાં કેવી રીતે વણાય છે તેની સદષ્ટાંત વાત કરી હતી. સર્જનમાં વેદનાનું રૂપાંતર થતું હોય છે, એમ જણાવી તેમણે કહ્યું હતું કે 'સર્જન એ મારો પડઘો છે.'

**Summary of March/April/May/June 2012 Examinations' Re-assessment**

2237 Applications for 3719 Subjects were received for the **Re-assessment** of the answer book for various examinations conducted by Sardar Patel University in **March/April/May/June 2012**. From this 3278 found 'No Change', in 434 cases 'Marks Increased', while in 7 cases 'Marks Reduced' and 242 'Results Amended'.

# યુ.જી.સી., નવી દિલ્હી તરફથી મંજૂર થયેલ અનુદાનની વિગત

(અ) વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ સરદાર પટેલ યુનિવર્સિટીને XII Plan "General Development Assistance Scheme" અંતર્ગત પ્રથમ હપ્તા પેટે રૂા. ૨,૦૭,૧૯,૦૦૦/- નું અનુદાન મંજૂર કરેલ છે.

(બ) વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ આ યુનિવર્સિટીના અનુસ્નાતક મટીરીયલ્સ સાયન્સ વિભાગનાં Prof. L.M. Manocha ને "One time grant to Faculty/Professors of Sciences Department of various University under UGC-BSR Scheme" અંતર્ગત રૂા. ૭.૦૦ લાખનું અનુદાન મંજૂર કરેલ છે.

(ક) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના નીચે જણાવેલ અધ્યાપકોની મેજર સંશોધન યોજનાઓ નીચેની વિગતે મંજૂર કરેલ છે.

| ક્રમાંક | અધ્યાપકનું નામ/હોદ્દો/ વિભાગ | સંશોધન યોજનાનું નામ તથા સમયગાળો | મંજૂર થયેલ અનુદાનની રકમ (રૂા.) |
|---|---|---|---|
| 1. | Dr. Basumati H. Patel<br>Prof. & Head<br>Department of Electronics | "Synthesis and characterization..... ........... nanosensor applications",<br>1-7-2012 to 30-6-2015 | 14,58,800/- |
| 2. | Dr. S.S. Soni<br>Assistant Professor<br>Department of Chemistry | "Development of Porous ................... Metal Ion Removal",<br>1-7-2012 to 30-6-2015 | 10,35,300/- |
| 3. | Dr. Kirankumar R. Surati<br>Assistant Professor<br>Department of Chemistry | "Novel Coordination ........................... …………. activities investigations",<br>1-7-2012 to 30-6-2015 | 8,54,800/- |
| 4. | Dr. Pallaviben P.Patel<br>Prof. & Head,<br>Deptt. of Education | "Development and Tryout of Emotional ................ Students of Gujarat State",<br>1-7-2012 to 30-6-2014 | 4,46,500/- |
| 5. | Dr. Darshana R. Dave<br>Associate Professor,<br>Deptt. of Business Administration (M.B.A.) | "Consumer Behavior and Impulse Buying ........... Stores in Gujarat ",<br>1-7-2012 to 30-6-2014 | 6,94,700/- |
| 6. | Dr. Bhagirath R. Brahmbhatt<br>Professor,<br>Department of Gujarati | "A Glossary of A griculture in Gujarati Language", 1-7-2012 to 30-6-2014 | 8,02,400/- |
| 7. | Dr. Pankaj S. Suvera<br>Asst. Professor<br>Deptt. of Psychology | "Locus of Control and Psychological Well-being : A Comparative study of Tribal and Non-Tribal Students" (Minor),<br>1-7-2012 to 31-12-2013 | 1,25,000/- |
| 8. | Dr. Hemant Dave<br>Assistant Professor<br>Deptt. of History | "Gujarat before Gandhi (1848 -1915) : A Genealogy of Gandhian Ideology",<br>1-7-2012 to 30-6-2014 | 4,89,500/- |

# Life Enrichment Radio Program on University Radio Station

Sri Aurobindo Chair of Integral Studies has designed and initiated a radio program entitled "Life Enrichment Radio Program w.e.f. 1.1.2013. The contents of the program are designed with a view to expand the vista of class room teaching and add participatory components therein.

Although aiming essentially to offer **'Radio Classroom'** to the students of Life Enrichment Course; the program strives to offer inspiring educative ideas to a much wider section of the society.

The components of this program are:

1. ***Gnyandhara*** – A series of inspiring discourses by elite faculty members on various themes relevant to life enriching education. This will also contain group discussions by the students of the University.
2. ***Arogyadhara*** – A series of educative and informative talks/discussions on various aspects of integral health by faculty members of various medical colleges on the campus.
3. ***Jivandhara*** – A session on the world's finest stories which will be read out by students/recorded messages/talks of great visionaries.

The duration of the Life Enrichment program is approximately 15 minutes and can be heard during the last quarter of each broadcasting hour. (The University Radio Station broadcasts educational programs 5 days in a week: Monday to Friday- on FM channel 90.4 MHz between 10-11am, 12-1 pm, 3-4pm and 6-7 pm daily.

Students and faculty members are welcome to participate in this program. Interested individuals may please contact the coordinators of the program Dr Param Pathak or Dr Bhalendu Vaishnav.

*Do listen and enjoy !*

## Subscribe Today

| Annual | | Life |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00

Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.